# શાસન - સંવેદના

*સ્વપ્ન જિનશાસન*
*આ. શ્રીકલ્યાણબોધિસૂરિજી*

સમ્રાટ સપ્રતિ એટલે જિનશાસનની સંવેદનાથી એક ધબકતું હૃદય. દેવ - ગુરુ - ધર્મ પ્રત્યેની એક મૂર્તિમંત ભક્તિ. જિનશાસનનો પ્રસાર કરવા માટે એમણે અનાર્ય દેશોમાં પણ સાધુઓના વિહારોને સુલભ બનાવ્યા. સેવક રાજાઓને કહી દીધું કે મારે તમારી પાસેથી કોઈ જ ખંડણી જોઇતી નથી. તમે સાધુઓની ભક્તિ કરો. હું એનાથી જ પ્રસન્ન બની જઇશ. સમ્રાટને ખબર હતી. કે સાધુઓના વિહારક્ષેત્ર વધશે, એટલે જિનશાસનનો વ્યાપ વધશે જ.

આજની સ્થિતિ શું? વિહારક્ષેત્ર કેટલું? જિનશાસનનો વ્યાપ કેટલો? જેના હૃદયમાં શાસનની સંવેદના વસી છે, એ શું કરી શકે, તે જણાવવા માટેનો આ પ્રયાસ છે. આજે લગભગ ગણતરીના શહેરોમાં જિનશાસન સીમિત બની ગયું છે. કારણ કે ગામડાના વિહારો લગભગ બંધ થઈ ગયા છે. જે વિહારોના રુટમાં ગામડાઓ આવે છે, એ વિહારો પણ એવી રીતે થાય છે, કે જેમાં ગામડા સાથે લોકો સાથે પ્રાયઃ કોઇ લેવા - દેવા ન રહે. જયારે નિર્દોષ ગોચરી માટે ગયા હોઇએ, અને 'તમે કોણ છો?' એવો પ્રશ્ન થાય, ત્યારે ખરેખર આંચકો લાગે છે - 'હુ આર્ય દેશમાં છું" કે અનાર્ય દેશમાં?

પરિણામ? નિર્દોષ વિહારો દુર્લભ, ગામડાના ધર્મસ્થાનો અસુરક્ષિત, તીર્થો ભયમાં, શ્રમણીઓનું શીલ જોખમમાં, જિનશાસનનું સંકુચન, શહેરોમાં વધુ પડતા ઠાણા, પ્રવચનમાતાનું પાલન દુષ્કર, શહેરી વ્યસ્ત જીવનમાં દૈનિક પ્રવચનશ્રવણની અશક્યતા.

આ સ્થિતિમાં શું થવું જોઇએ? સંઘમાં અમુક જુથો એવા હોવા જોઇએ કે જેમાં સંખ્યાબંધ યુવાનો શાસન સેવા માટે થનગનતા હોય. આ યુવાનોએ ગ્રામ્ય જનતામાં મહાત્માઓનું પ્રવચન ગોઠવવા માટે વિપુલ પ્રચાર સામગ્રી રાખી હોય, રામાયણ આદિ લોકપ્રિય વિષયોના વિરાટ બેનરો, જૈન સાધુની આચાર સંહિતા જણાવતા બેનરો, ભગવાન મહાવીરના જીવનના પ્રસંગોને જણાવતા બેનરો, ભગવાન મહાવીરની હૃદયસ્પર્શી વાણીના બેનરો, રાતોરાત આ બધું ગામડાની ગલી - ગલીમાં લાગી જાય, પ્રવચન સ્થળ - સમયની જાહેરાત થઈ જાય, સવારે મહાત્મા પધારે ત્યાં સુધીમાં તો આખું ગામ ભાવિત પ્રભાવિત થઇ જાય. મહાત્માની નિર્દોષ ભિક્ષાચર્યા જોઇને લોકો અહોભાવ ધરાવતા થઇ જાય. બીજી બાજુ યુવાનો યોગ્ય સાધનોથી ગામમાં ફરી ફરીને મૌખિક જાહેરાતો પણ કરતાં રહે. નિયત સમયે હજારો લોકોની સમક્ષ પ્રવચન થાય.

મહાત્માને રાહત રહે એ માટે અને પ્રવચન રોચક બને એ માટે પ્રવચનની પહેલા + પછી યુવાનો લોકપ્રિય ભક્તિ ગીતો, પ્રેરક દુહા વગેરે સંગીત સાથે ગાય - ગવડાવે. વક્તૃત્વકુશળ યુવાન પૂરક - પ્રવચન આપે. છેવટે માંસ, દારૂ, વ્યસનો વગેરે પાપો છોડવા માટે અને પરોપકાર વગેરે ધર્મ કરવા માટે પ્રતિજ્ઞા અપાય. યુવાનોએ રાખેલ જાહેર જનતાને ઉપયોગી સાહિત્ય અપાય. ક્રમશઃ વિશેષ ભાવિત બનેલ ગામમાં ભગવાનના ફોટા, નવકારમંત્ર, નવકારવાળી વગેરે અપાય.

જો આ રીતે પ્રચારો અને પ્રવચનો ચાલુ રહે તો વિહારક્ષેત્રો વધશે, વિહારો નિર્દોષ બનશે, ગ્રામ્યજીવનમાં મહાત્માઓની જ્ઞાનશક્તિ અને વિનિયોગશક્તિનો વધુ લાભ લેવાશે, તીર્થો - દેરાસરો - ઉપાશ્રયો - સંઘની જમીનો - સાધુ - સાધ્વીઓ - આ બધાની રક્ષા થશે, શહેરી દૂષણોથી દૂર રહી શકાશે, જાહેર જનતાનું કલ્યાણ થશે. તે તે પ્રદેશ આપણા મહાત્માઓથી ભાવિત થયો હોવાથી રાજનેતાઓ - સત્તાધીશો સામે ચાલીને મહાત્માઓને વંદન કરવા આવશે, શાસનના સંકટો ટળશે - રચનાત્મક કાર્યો થશે. હજી મોડું નથી થયું. હજી વિહારો ચાલું જ છે. શક્તિસંપન્ન મહાત્માઓ વિચરી રહ્યા છે. ત્યારે શાસનપ્રેમી યુવાનોએ આ પૂરક કાર્ય માટે પ્રયત્નશીલ બનવા જેવુ છે.

યાદ રહે, કે એ યુવાનોએ મહાત્માને મદદ નથી કરવાની. પણ આ સમગ્ર કાર્યને પોતાનું પરમ કર્તવ્ય સમજીને પોતે મહાત્માનો સહયોગ લેવાનો છે. પ્રચાર, બેનરો, સાધનો, સાહિત્યો, સામગ્રી બધુ જ યુવાનોનું. મહાત્મા પૂર્ણપણે એમની સંયમ મર્યાદામાં હોય. ન એમની પાસે પરિગ્રહ હોય, ન એમની પાસે વહીવટ હોય. મહાત્માઓ સ્વાધ્યાય કરે. નિર્દોષચર્યાથી ગોચરી કરે, પ્રવચન આપે અને ધર્મલાભના આશિષ આપે.

જિનશાસનની પરિસ્થિતિ વિષમ હોય, ત્યારે ઉત્સવ - મહોત્સવ - અનુષ્ઠાનો આદિ કરતાં પણ આવા પ્રકારના દીર્ઘદર્શી રચનાત્મક કાર્યો અનેકગણું મહત્વ ધરાવે છે. તન - મન - ધનથી આવા કાર્યોમાં કરેલ વિનિયોગ અનેકગણું ફળ આપે છે. દરેક સંઘના યુવાનો માત્ર રવિવાર પૂરતી પણ આ પ્રવૃત્તિ ચાલુ કરે, તો તેનો પ્રતિસાદ અને પરિણામ જોઇને તેઓ પોતે જ આ પ્રવૃત્તિનો વ્યાપ વધારવા માટે પ્રયત્નશીલ બની જશે.